# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### આણંદ નગરપાલિકાની આજે સામાન્ય સભા, કરોડોના હિસાબ મંજુર થશે

# આણંદ મહાપાલિકા બનતાં 518 કર્મીનું ભાવિ અધ્ધરતાલ

**રોજમદાર,** આઉટસોર્સિંગ, કરાર આધારિત, ફિક્સ પગારના કર્મચારીઓએ કાયમી કરવા માંગ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.31

આણંદ નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરી દેવામાં આવી છે. આ અંગેના ડ્રાફ્ટ પણ તૈયાર થઇ ગયાં છે. મહાપાલિકાના વહીવટને લઇ અંતિમ ઘડીઓ ગણાઇ રહી છે. બીજી તરફ પાલિકાની 1લી ઓગષ્ટના રોજ સામાન્ય સભા યોજાનારી છે. જેમાં 164 જેટલા રેકર્ડ બ્રેક ઠરાવો મુકવામાં આવશે. પરંતુ આ ઠરાવોમાં સૌથી મહત્વનો 518 હંગામી કર્મચારીના પ્રશ્નનો છે. આ કર્મચારીઓને મહાનગરપાલિકામાં સમાવેશ થશે કે કેમ ? અથવા છુટા કરી મહાનગરપાલિકામાં નવો સ્ટાફ ભરતી કરવામાં આવશે ? તેવા અનેક પ્રશ્નો કર્મચારીઓને મુઝવી રહ્યા છે. આથી, આ કર્મચારીઓને કાયમી કરવા રજુઆત કરવામાં આવી છે. જે અંગેનો ઠરાવ પણ રજુ કરવામાં આવ્યો છે.

આણંદ મહાનગરપાલિકાની જાહેરાત બાદ અનેક મોટા ફેરફારો આવી રહ્યાં છે, આ ફેરફારો વચ્ચે હાલ પાલિકામાં ફરજ બજાવતાં 518 કર્મચારીનું ભાવિ અધ્ધરતાલ થઇ ગયું છે. આ અંગે કર્મચારીઓએ રજુઆતમાં જણાવ્યું હતું કે, પાલિકામાં કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર, સુપરવાઇઝર, ડ્રાઇવર, એન્જિનિયર, રસ્તા સફાઇ કામદાર, કુંડી કામદાર, મજુર, પટ્ટાવાળા વિગેરે હોદ્દા પર ફરજ બજાવતાં રોજમદાર,




આઉટસોર્સિંગ, કરાર આધારિત, ફિક્સ પગાર તથા માનદ વેતનના કર્મચારી છે. જેમાં રોજમદાર -202, આઉટ સોર્સિંગ -295, કરાર આધારિતની સંખ્યા-1, પીએમએવાયમાં -3, એનયુએલએમની સંખ્યા-4, ફિક્સ પગારની સંખ્યા-2, માનદ વેતનની સંખ્યા-11 મળી કુલ 518 ફરજ બજાવે છે. આ કર્મચારીઓ છેલ્લા કેટલાય વર્ષોથી આણંદ નગરપાલિકાના જુદા જુદા વિભાગમાં જુદા જુદા હોદ્દા પર રોકવામાં આવ્યાં છે. હાલ આણંદ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતર થનાર હોવાથી નવા મહેકમ માળખામાં તેમના અનુભવ તેમજ લાયકાત જોઇ તથા ઘણા વર્ષોથી કામગીરી કરતાં હોવાથી સિનીયોરીટી મુજબ જુદા જુદા હોદ્દા પર કાયમી જગ્યા પર નિયમિત નિમણૂંક કરી સમાવેશ થાય તેવી માંગણી કરવામાં આવી છે. હાલ આ મુદ્દો પાલિકાના શાસકો માટે પણ યક્ષ પ્રશ્ન બની ગયો છે. નવા શાસક કોણ છે ? અને તે કેવો નિર્ણય લેશે ? તે બાબતે કોઇ સ્પષ્ટતા જોવા મળતી નથી.

### આણંદમાં છ સ્થળે પમ્પીંગ સ્ટેશન મુકાશે

આણંદ પાલિકા દ્વારા બાકરોલમાં એસપી યુનિવર્સિટીની બાજુમાં, ડિસ્ટ્રીક્ટ જેલની બાજુમાં, મા બેકરી પાસે તથા રાજોડપુરા બ્રિજ પાસે (સર્વિસ રોડ પાસે), વિદ્યા ડેરી રોડ (ટીપી 8 વિસ્તાર), તુલસી ગરનાળા પાસે એમ કુલ છ સ્થળે પમ્પીંગ સ્ટેશન બનાવવા માટે ઠરાવ કરવામાં આવશે.

### આણંદ પાલિકામાં સક્ષમ એન્જિનીયરની અછત

આણંદ નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ.દસ કરોડની ગ્રાન્ટ મળવાપાત્ર છે. આ ગ્રાન્ટ દર ત્રણ વર્ષે એક વખત મળવાપાત્ર છે. આ ગ્રાન્ટમાંથી કામોનું આયોજન કરી સરકાર યોજના અંગે કરવાની થતી દરખાસ્ત, ગ્રાન્ટ ફાળવણી, પ્રોજેક્ટ રિપોર્ટ, ગ્રાન્ટના હપ્તા મેળવવા સહિત તથા પાલિકાના હેડમાંથી કરવાના થતા મોટા પ્રોજેક્ટ માટે સીએમ એન્જિનીયર્સ (આણંદ), પ્લાનીંગ સોલ્યુશન (વડોદરા), શ્યામ એન્જિનીયર્સ (આણંદ), ક્રિષ્ના કન્સલટન્ટ (આણંદ), કમલ આર્કિટેક (જીટોડિયા), ભાવિ કન્સલટન્સી (આણંદ), અથર્વ એન્જિનીયરીંગ (આણંદ), પ્રણવ પટેલ, ડિઝાઇન સ્ટુડિયો (આણંદ)ની નિમણુંક નગરપાલિકામાં કરવામાં આવી છે. આ કામ માટે કન્સલ્ટન્ટ રોકી પ્લાન, એસ્ટીમેન્ટ તૈયાર કરવાના છે.

### નગરપાલિકાની ભરતીમાં મામકાવાળી થયાની શંકા

આણંદ નગરપાલિકામાં એક બે નહીં પરંતુ પાંચ સો જેટલા કર્મચારીઓ રોજમદાર, આઉટ સોર્સિંગ કે ફિક્સ પગારવાળા છે. આ કર્મચારીઓની ભરતી ક્યારે થઇ ? કેવી રીતે થઇ ? તેઓને ચુકવાતા પગાર સહિતના મુદ્દા ફરી ચર્ચાનો વિષય બન્યો છે. આણંદ પાલિકાએ આ તમામની ક્યારે ભરતી કરી ? અને કેવી રીતે ભરતી કરી તે તપાસ થાય તો મોટું કૌભાંડ પણ બહાર આવી શકે છે. હાલ આ કર્મચારીઓએ કાયમી થવાની માગ કરી છે, ત્યારે શાસકો જવાબદારી સ્વીકારે છે કે ? નવી બોડી પર ઢોળશે ? તે જોવાનું રહ્યું.

### આણંદ પાલિકામાં પાસે બે નવા JCB છતાં બહારના પાસે કામ લેશે

આણંદ નગરપાલિકાના સેનેટરી વિભાગ તથા વોટર વર્કસ વિભાગ દ્વારા સરકારની ગ્રાન્ટમાંથી બે નવા જેસીબીની ખરીદી કરવામાં આવી છે. જેમાં વોટર વર્કસ વિભાગમાં જેસીબીનો ડ્રાઇવર ફિક્સ પગારમાં રોકેલો છે. આમ છતાં ટીપી -4માં આરસીસી રોડ અને સ્ટ્રીટ લાઇટ નાંખવાની કામગીરીમાં નડતર રૂપ માટીના ઢગલા તથા સીસી રોડાને સાફ સફાઇ કરવા ત્રણ લાખ ચુકવવામાં આવશે. આ ઉપરાંત સાહિલ પાર્ક સોસાયટી અને અમન પાર્ક સોસાયટીમાં માટી પુરાણ માટે સવા લાખ મંજુર કરવામાં આવ્યાં છે.

# આણંદમાં વિશ્વકર્મા યોજના માટે 8 માસથી લાભાર્થીને ધરમધકકા

**લાભાર્થીઓએ** યોજનાકીય ફોર્મ 8 માસ અગાઉ ભર્યા હતા પરંતુ હજુ સુધી તાલિમ કે લોન અંગે અવઢવ

(પ્રતિનિધિ) આણંદ તા 31

આણંદ જિલ્લામાં એક વર્ષ અગાઉ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ વિવિધ પ્રકારના ધંધા રોજગાર થકી આત્મનિર્ભરતા માટે યોજનાનુ અમલીકરણ કરવામાં આવ્યું હતું. પ્રારંભિક તબ્બકામાં ખુબ મોટી સંખ્યામાં લાભાર્થીઓને તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં જુદા જુદા કેન્દ્રો ખાતે તાલીમ આપવામાં આવી હતી. તાલીમ પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યા હતા. પરંતુ ત્યારબાદ બીજા તબ્બકામાં નોંધણી કરાવી લીધા બાદ 8 માસથી લાભાર્થીઓને યોજનાકીય લાભો માટે ધરમધકકા થઈ રહ્યા છે.

આણંદ જિલ્લાના શહેરો અને ગામોમાંથી વિશ્વકર્મા યોજના હેઠળ રૂપિયા 15 હજારની ટુલકીટ સહાય અને લોન માટે લાભાર્થીઓ આઠ મહિનાથી રાહ જોઇ રહ્યાં છે. આ કલ્યાણકારી વિશ્વકર્મા યોજનાનો મુખ્ય ઉદ્દેશ પરંપરાગત કામ કરતા કારીગરો અને શિલ્પકારોની કારીગરીને વેગ આપીને તેમના દ્વારા બનાવાયેલી વસ્તુને બજારો સુધીની પહોંચ વધારવા માટે તેમજ કારીગરોને આત્મનિર્ભર અને રોજગાર પૂરો પાડવાનો છે. જેવી કે સુથાર, સોની, લુહાર, મિસ્ત્રી, વાળંદ, દરજી, ધોબી, વાળ ચાવી, શસ્ત્રો, શિલ્પકારો, પગરખાં, બોટ-જહાજ, રમકડા, રસોડાની વસ્તુ બનાવનાર, ઘર વપરાશ ને લગતા નાના ઓજારો બનાવનાર તેમજ અન્ય આવી પ્રવૃત્તિ સાથે જોડાયેલા કારીગરોને યોજનાકીય લાભ આપવા માટે ઓનલાઈન ફોર્મ ભરાયાં હતાં જેમાં પીએમ વિશ્વકર્મા કૌશલ સન્માન યોજના નીચે આવતી તાલીમ મેળવીને સ્ટાઈપેન્ડ પ્રાપ્ત થતું હોવાથી યોજનામાં પાત્રતા ધરાવતા સમાજના લોકોની આર્થિક સ્થિતિમાં પણ વિકાસ સાથે કુશળ કામદાર પોતાનો વ્યવસાય શરૂ કરી શકે છે.

### 1 થી 3 લાખ રૂપિયા સુધીની લોન કોઈપણ ગેરંટી વગર આપવાની જાહેરાત કરાઈ હતી

સરકાર દ્વારા યોજના હેઠળ લાભાર્થીને સમય દરમિયાન કુલ 15 હજાર ટુલકીટ પ્રોત્સાહન પેટે સહાય આપવા અને 1 થી 3 લાખ રૂપિયા સુધીની લોન કોઈપણ ગેરંટી વગર આપવા અંગેની જાહેરાત કરાઈ હતી. જે અંતર્ગત લાભાર્થીઓએ ફોર્મ ભર્યા હતા. પરંતુ હજુ સુધી ઘણા લાભાર્થીઓને ફોર્મ ભરી દીધેલ છે છતાં હજુ યોજનાનો લાભ મળ્યો નથી.

# આણંદમાં 22મીએ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

**અરજદારો 10મી** ઓગસ્ટ સુધીમાં પોતાના પ્રશ્નો મોકલી શકશે

(પ્રતિનિધિ) આણંદ તા.31

આણંદ જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ 22મી ઓગષ્ટને ગુરૂવારના રોજ સવારે 11 કલાકે કલેક્ટર કચેરી કોન્ફરન્સ હોલ, આણંદ ખાતે યોજાશે. આ ફરિયાદ નિવારણ માટે 10મી સુધીમાં અરજી કરવાની રહેશે. જોકે, અરજદાર સ્વાગત પોર્ટલ પર ઓનલાઈન અરજી પણ કરી શકાશે.

આણંદ જિલ્લાના નાગરિકો, અરજદારો, પ્રજાજનોએ જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમ માટે 10મી ઓગષ્ટ સુધીમાં સબંધિત કચેરીમાં અરજીઓ મોકલી આપવાની રહેશે. આ ઉપરાંત અરજદારો સ્વાગત કાર્યક્રમની વેબસાઈટ swagat.gujarat.gov.in પર પણ ઓનલાઈન અરજી કરી શકશે. અરજદારોએ એક અરજીમાં ફક્ત એક જ ફરિયાદ કે પ્રશ્ન રજૂ કરવાનો રહેશે. અરજી બે નકલમાં ટૂંકમાં, સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરમાં કરવાની રહેશે. આ અરજદારોએ પ્રશ્નના કવર તેમજ અરજી ઉપર જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ 22મી ઓગષ્ટ એમ લખવાનું રહેશે. અરજદારે અરજીની અંદર પોતાનું નામ તથા સરનામુ અને સંપર્ક નંબર અથવા પોતાનો ટેલીફોન કે મોબાઈલ નંબર અવશ્ય લખવાનો રહેશે. જે અરજદારોના પ્રશ્નો જિલ્લા કક્ષાના ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં લેવામાં આવ્યા હોય તે અરજદારોને 22મી સવારે 10 કલાકે જાતે નામ નોંધણી કરાવીને કલેકટર કચેરી, કોન્ફરન્સ હોલ, આણંદ ખાતે રૂબરૂ હાજર રહેવા કલેકટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# આણંદ નજીક વેસ્ટ ભુસામાં છુપાવેલો વિદેશી દારૂ પકડાયો

**આણંદ લોકલ ક્રાઇમ** બ્રાંચે એક્સપ્રેસ વે રોકેલી કાડીમાં 3.68 લાખનો દારૂ મળ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.31

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચ દ્વારા સામરખા ગામની સીમમાંથી પસાર થતાં વડોદરા - અમદાવાદ એક્સપ્રેસ વે પર વોચ ગોઠવી રૂ.3.68 લાખનો વિદેશી દારૂ ભરેલી ગાડી પકડી પાડી હતી. આ અંગે કુલ બે શખ્સ સામે ગુનો નોંધી ચાલકની ધરપકડ કરી હતી.

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચને બાતમી મળી હતી કે, અમદાવાદ - વડોદરા એક્સપ્રેસ હાઈવે પર વડોદરા તરફથી કબુતર કલરનું અશોક લેલન ડાલા નં.જીજે 6 બીવી 6859માં વેસ્ટ ભુસાની આડમાં વિદેશી દારૂનો જથ્થો જઇ રહ્યો છે. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી મંગળવારની મોડી સાંજે વોચ ગોઠવી હતી. આ દરમિયાન બાતમીવાળી ગાડી આવતા તેને રોકવામાં આવ્યું હતું. બાદમાં તેને સર્વિસ રોડ પર ઉભુ રાખી તેના ડ્રાઇવરની અટક કરી પુછપરછ કરતાં તે શોહેબ ઉર્ફે ધુળેટી શફીમહંમદ મન્સુરી (ઉ.વ.34, રહે. મહેમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. સોહેબની પુછપરછ કરતાં તેણે પશુને ખવડાવવાના ભુસાની ગુણો હોવાનું જણાવ્યું હતું. જોકે, શંકા આધારે તલાસી લેતા વેસ્ટ ભુસાની આડમાં વિદેશી દારૂની પેટી મળી આવી હતી. આથી, સ્થળ પર જ ચાલકની અટક કરી પોલીસ મથકે લાવ્યાં હતાં. જ્યાં ડાલામાં ભરેલા વિદેશી દારૂની ગણતરી કરતાં 3.68 લાખનો દારૂ મળી આવ્યો હતો. આ અંગે સોહેબની આગવીઢબે પુછપરછ કરતાં આ ડાલુ તેને દાહોદ બાયપાસ તુલસી હોટલમાંથી રસુલ નામના શખ્સે આપી હતી અને આણંદ ગંજ બજારમાં પાર્કીંગમાં ઉભી રાખી રસુલ જે માણસને મોકલે તેને આપવાની કબુલાત કરી હતી. આ કબુલાત આધારે પોલીસે શોહેબ ઉર્ફે ધુળેટી ઉપરાંત રસુલ (રહે. દાહોદ) સામે ગુનો નોંધી વિદેશી દારૂ, ડાલુ સહિત કુલ રૂ.13,18,780નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

### બોરસદમાંથી બાઈક ચોરાયું

(પ્રતિનિધિ) બોરસદ તા.31

બોરસદના સો ફુટ રોડ પર ટેનામેન્ટમાંથી બાઈક ચોરીનો બનાવ બન્યો હતો. આ અંગે શહેર પોલીસે ગુનો નોંધ્યો હતો.

ઉત્તરપ્રદેશ વારાણસીનો વતની અને વડોદરા રહેતો અભિષેક અનિલકુમાર રોય ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તે બાઈક નં.જીજે 6 ક્યુબી 7035 લઈને 21મીના રોજ બોરસદ મુકામે રહેતા તેના મિત્ર સૌરભ મુકેશ ઠક્કર (રહે. મા ટેનામેન્ટ, સો ફુટ રોડ, બોરસદ) ખાતે આવ્યો હતો. આ સમયે બાઈક સૌરભના ઘર સામે જ પાર્ક કર્યું હતું. જોકે, બીજા દિવસે કારમાં અમદાવાદ ગયો હતો. જ્યાંથી ત્રણ દિવસ બાદ પરત ફરતાં બાઈક જોવા મળ્યું નહતું. આ અંગે શોધખોળ કરવા છતાં મળ્યું નહતું. આખરે બોરસદ શહેર પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદમાં જુગાર રમતાં 13 શખ્સ પકડાયાં

**આણંદ શહેર, ગ્રામ્ય,** વાસદ અને વિરસદ પોલીસે વિવિધ સ્થળે દરોડા પાડ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.31

આણંદ જિલ્લા પોલીસ દ્વારા છેલ્લા 24 કલાકમાં જુગાર રમતાં શખ્સો પર સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરી વિવિધ સ્થળે દરોડા પાડવામાં આવ્યાં હતાં. જેમાં 4 દરોડામાં 13 શખ્સો પકડાયાં હતાં અને તેમની પાસેથી રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

આણંદ શહેર પોલીસે સામરખા ચોકડી પાસે જવાહરનગર ઝુપડપટ્ટીમાં જાહેરમાં જુગાર રમતાં અલ્તાફ અબ્દુલગની મલેક, યોગેશ રમણ ઠાકોર અને નરેશ દેવા પારગીને પકડી પાડ્યાં હતાં. આ શખ્સો પાસેથી પોલીસે રૂ.2050નો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

આણંદ ગ્રામ્ય પોલીસે સામરખા ગામમાં અંબિકા ચોક પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતાં હર્ષદ રમેશ પરમાર, મહેશ ઉર્ફે ભોલીયો રમણ મકવાણા અને અલ્પેશ ધીરજ પરમારને પકડી પાડી તેમની પાસેથી રૂ.1970નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વાસદ પોલીસે ગોપાલપુરાના વણજાર સીમમાં દરોડો પાડી ખુલ્લી નળીમાં જુગાર રમતાં હર્ષદ મોહન મકવાણા, હસમુખ શંભુ કચ્છી, મોહન કાનજી કચ્છી અને નવીન શંભુ કચ્છીને જુગાર રમતા પકડી પાડી તેમની પાસેથી રોકડ સહિત કુલ રૂ.1450નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વિરસદના ખોડીયારપુરા વિસ્તારમાં વિરસદ પોલીસે દરોડો પાડી સંજય રામા ઠાકોર, ભરત ઉર્ફે કાળો રાવજી ઠાકોર અને રમેશ ઉર્ફે જાડીયો કાંતિ ઠાકોરને જુગાર રમતા પકડી પાડી રૂ.1240નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો હતો.

આણંદ જિલ્લામાં ધીમે ધીમે શ્રાવણિયા જુગારની બદની વધી રહી છે. લોકો જાહેરમાં અને વધુ ખાનગી, બંધ બારણે જુગાર રમી રહ્યાની ફરિયાદ ઉઠી રહી છે. જોકે, હાલ પોલીસ દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.


